# અધધ..રાજ્યમાં કોરોનાના નવા ૮૯૪ કેસ

## રિકવરી રેટ ઘટીને ૯૮.૭૧ ટકા થયો : હાલ ૫૦૯૯ એક્ટિવ કેસ છે, જેમાંથી ૮ દર્દી વેન્ટિલેટર ઉપર છે, જ્યારે ૫૦૯૧ દર્દીઓ સ્ટેબલ છે

ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં આજે કોરોના કેસમાં આજે ફરી કેસમાં વધારો થયો છે. હાલ પણ રાજ્યમાં કોરોનાના ૮૯૪ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૬૯૧ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રાહતની વાત એ છે કે રાજ્યમાં કોરોનાથી આજે એકપણ દર્દીનું મોત થયું નથી. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૭૧ ટકા થઈ ગયો છે. રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૫૦૯૯ એક્ટિવ કેસ છે. જેમાંથી ૮ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૦૯૧ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૨૮,૯૫૫ દર્દીઓ મ્હાત આપી ચુક્યાં છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૫૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૨૯૫ કેસ નોંધાયા છે, જ્યારે વડોદરા કોર્પોરેશનમાં ૬૫, સુરત કોર્પોરેશનમાં ૫૪, મહેસાણા ૪૫, પાટણ ૩૮, ગાંધીનગર ૩૧, રાજકોટ કોર્પોરેશન ૩૧, કચ્છ ૩૦, ગાંધીનગર કોર્પોરેશન ૨૭, સુરત ૨૪, દેવભૂમિ દ્વારકા ૨૩, ભાવનગર કોર્પોરેશન ૨૨, બનાસકાંઠા ૨૧, વલસાડ ૧૯, ભરૂચ ૧૮, રાજકોટ ૧૮, વડોદરા ૧૬, આણંદ ૧૫, મોરબી ૧૫, સાબરકાંઠા ૧૫, પોરબંદર ૧૦, અમદાવાદ ૮, જામનગર કોર્પોરેશન ૭, ખેડા ૭, નવસારી ૭, અમરેલી ૬, પંચમહાલ ૫, અરવલ્લી ૪, સુરેન્દ્રનગર ૪, તાપી ૪, ભાવનગર ૩, ગીર સોમનાથ ૩, દાહોદ ૨, જામનગર ૨ એમ કુલ ૮૯૪ કેસ નોધાયા છે. જો રસીકરણની વાત કરવામાં આવે તો રાજ્યમાં આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં કુલ ૧,૯૩,૦૭૪ લોકોને રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૧૬૩૪ ને રસીનો પ્રથમ અને ૩૪૭૯ લોકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૧૫-૧૭ વર્ષના લોકો પૈકી ૧૧૭ ને રસીનો પ્રથમ અને ૭૯૪ ને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. જ્યારે ૨૨૨૪૩ લોકોને પ્રીકોર્શન ડોઝ આપવામાં આવ્યો છે.

૧૨-૧૪ વર્ષના લોકો પૈકી ૧૭૦૫ ને રસીનો પ્રથમ અને ૧૪૬૪ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૫૯ વર્ષના લોકોને ૧૬૧૬૩૮ પ્રીકોશન ડોઝ આપવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૧,૨૮,૩૨,૧૩૨ રસીના ડોઝ આપવામાં આવ્યો છે.

## દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે ગુજરાતમાં

### મફત વીજળી આપવાની જાહેરાત કરી શકે છે

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે. ત્યારે દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આવતી કાલે (૨૧મી જુલાઈ) ગુજરાતમાં છે. સુરતમાંથી અરવિંદ કેજરીવાલ મોટી જાહેરાત કરી શકે છે. જાણવા મળી રહ્યું છે કે ગુજરાતમાં ફ્રી વીજળીની કેજરીવાલ જાહેરાત કરે તેવી શક્યતા છે. આવતી કાલે બપોરે અરવિંદ કેજરીવાલ પત્રકાર પરિષદ સંબોધશે.

કેજરીવાલ ગુજરાતના પ્રવાસે આવનાર છે, ત્યારે તેમનો આ પ્રકારે કાર્યક્રમ ઘડાયો છે. અરવિંદ કેજરીવાલ ૨૦ જુલાઈએ રાત્રે ૮:૩૦ કલાકે સુરત એરપોર્ટ પર પહોંચશે. ત્યારબાદ બીજા દિવસે ૨૧મી જુલાઈના રોજ કેજરીવાલ સુરતના ટાઉનહોલ ખાતે આવશે અને સભાઓ ગજવશે. કેજરીવાલ મીડિયા અને ગુજરાતની જનતાની સામે મોટી જાહેરાત કરશે, અને પછી તેઓ સાંજે ૪.૩૦ કલાકે દિલ્હી જવા રવાના થશે. ગુજરાતમાં કેજરીવાલ મોટી જાહેરાત કરી શકે તેવી અટકળો વેગવાન બની છે. અરવિંદ કેજરીવાલ આવવાના હોવાથી તમામ હોદેદારો, નેતાઓ સાથે ચૂંટણીને લઈ મનોમંથન કરશે.

### લાકડા સહિત મૃતદેહ પણ તણાયો

## સાબરકાંઠાઃ ચિતા સળગતી હતી અને અચાનક પૂર આવ્યું

સાબરકાંઠા,તા.૨૦

ગુજરાતમાં હાલ મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે સાબરકાંઠાના વિજયનગરમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. હાથમતી નદીના કિનારે એક ચિતા સળગી રહી હતી. તે દરમિયાન જ અચાનક નદીમાં પૂર આવતા સળગતી ચિતા સહિત મૃતદેહ તણાયો હતો. પાણીના વહેણમાં લાકડાઓ પણ વહી ગયા હતા. આ ઘટનાનો વીડિયો ઘણો જ વાયરલ થઈ રહ્યો છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, વિજયનગરના પરવઠ ગામ ગામના વૃદ્ધનું સોમવારે મોત નીપજ્યું હતું. મંગળવારે બપોરે ઘરેથી સ્મશાન યાત્રા નીકળી હતી. જે બાદ ગામની સીમમાંથી પસાર થતી હાથમતી બ્રિજ નીચે અંતિમ સંસ્કારની વિધિ કરવામાં આવી હતી. આ દરમિયાન ઉપરવાસમાં ભારે વરસાદને કારણે નદીમાં અચાનક પૂર આવ્યું હતુ. જેના કારણે વૃદ્ધનો સળગતો મૃતદેહ સાથે ચિતાના લાકડા પાણીના વહેણમાં તણાઈ ગયા હતા. તો બીજી બાજુ ત્યાં ઉભેલા પરિવારજનો પણ દોડીને ત્યાંથી સુરક્ષિત જગ્યાએ જતા રહ્યા હતા. આ લોકોએ વીડિયો ઉતારીને સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો. જે બાદ તે ઘણો જ વાયરલ થયો હતો.

રાજ્યમાં છેલ્લા થોડા સમયથી અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો હતો. ત્યારે હાલ ધોધમાર વરસાદથી થોડી રાહત મળી હતી. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે, મધ્યપ્રદેશમાં સિસ્ટમ સક્રિય થવાને કારણે ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા છે. આવતા ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, પાટણ મહેસાણા તથા મધ્ય ગુજરાતના છોટાઉદેપુરમાં ભારેથી અતિભારે વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે.

## સુશાસનના પ્રતિક આપણા નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતમાં પ્રચંડ વિજય થકી સત્કારીએ : સી.આર.પાટીલ



ગાંધીનગર, તા.૨૦

આજે ૨૦ જુલાઈના રોજ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના કાર્યકાળને બે વર્ષ પૂર્ણ થયા અંગે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ બેઠક યોજવામાં આવી હતી. આજની બેઠકમાં ભાજપના પ્રદેશ હોદ્દેદારો, મોરચાના પ્રદેશ હોદ્દેદારો, વિવિધ સેલના અને પ્રદેશ વિભાગના સંયોજકો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે અધ્યક્ષ સી.આર.પાટીલે ઉપસ્થિત સૌ પદાધિકારીઓને સંબોધતા જણાવ્યું કે ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ એ કોઈ પદ કે પ્રતિષ્ઠાની બાબત નથી પરંતુ આ પક્ષની જવાબદારીની એક વ્યવસ્થા છે. મારા બે વર્ષના કાર્યકાળ દરમિયાન ગુજરાત ભાજપે વિધાનસભાની પેટા ચૂંટણીઓ, સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં જે વિજય મેળયો છે તે ગુજરાત ભાજપના કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમનું પરિણામ છે.

## ગુજરાતની રિન્યૂએબલ એનર્જીની કુલ ઈન્સ્ટોલ્ડ કેપેસિટી ૧૯,૪૧૫ મેગાવોટ

### રિન્યૂએબલ એનર્જી તથા ઊર્જા મંત્રીનો રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર

ગાંધીનગર, તા.૨૦

સમગ્ર દેશમાં રિન્યૂએબલ એનર્જીની કુલ ઈન્સ્ટોલ્ડ કેપેસિટીના મામલે ૩૦મી જૂન ૨૦૨૨ની સ્થિતિએ ૧૯,૪૧૪.૮૭ મેગાવોટની ક્ષમતા સાથે ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન પામે છે. ન્યૂ અને રિન્યૂએબલ એનર્જી તથા ઊર્જા મંત્રી આર.કે. સિંઘ દ્વારા રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતાં ૧૯ જુલાઈ ૨૦૨૨ના રોજ રાજ્યસભામાં ઉપરોક્ત માહિતી રજૂ કરવામાં આવી હતી.

ઊર્જા મંત્રીના નિવેદન મુજબ, ગુજરાતની ૧૯,૪૧૪.૮૭ મેગાવોટની રિન્યૂએબલ એનર્જીની કુલ ઈન્સ્ટોલ્ડ કેપેસિટીમાં ૯૪૧૯.૪૨ મેગાવોટ પવન ઊર્જા, ૭૮૦૬.૮૦ મેગાવોટ સૌર ઊર્જા, ૧૯૯૦ મેગાવોટ મોટી હાઈડ્રો પાવર યોજના, ૧૦૯.૨૬ મેગાવોટ બાયો પાવર અને ૮૯.૩૯ મેગાવોટ નાની હાઈડ્રો પાવર યોજનાનો સમાવેશ થાય છે.

નથવાણી દેશમાં રિન્યૂએબલ એનર્જીની ઈન્સ્ટોલ્ડ કેપેસિટી તેમજ ઉત્પાદન તથા ભારતમાં રિન્યૂએબલ એનર્જીને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી/આવનારી વિવિધ યોજનાઓ વિશે જાણવા માગતા હતા. ઊર્જા મંત્રીના નિવેદન અનુસાર, સરકારે નાના ગ્રીડ કનેક્ટેડ સોલાર એનર્જી પાવર પ્લાન્ટ્સ, સ્ટેન્ડ-અલોન સોલાર પાવર્ડ એગ્રીકલ્ચર પંપ અને હાલના ગ્રીડ સાથે જોડાયેલા કૃષિ પંપના સોલરાઈઝેશનને પ્રોત્સાહન આપવા માટે PM-KUSUM સ્કીમ શરૂ કરી છે. આ યોજના માત્ર ખેડૂતો માટે જ નહીં પણ રાજ્યો અને વીજ વિતરણ કરતી કંપનીઓ એટલે કે DISCOMs માટે પણ ફાયદાકારક છે, તેમ જણાવી તેમણે ઉમેર્યું કે રાજ્યો કૃષિ ગ્રાહકોને વીજળી માટે આપવામાં આવતી સબસિડી પર બચત કરશે અને DISCOMsને ટ્રાન્સમિશન અને વિતરણના નુકસાનને બચાવવા માટે વિતરણ માળખામાં છેક છેવાડા સુધી સસ્તી સોલાર ઊર્જા મળશે.

## સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાઓ માટે 'પ્રાદેશિક ઈન્ટરવ્યુ માર્ગદર્શન તાલીમ શિબિર'નું આયોજન

### ભાગ લેવા ઇચ્છુકે ૩૧ જુલાઇ સુધીમાં અરજી કરવાની રહેશે

ગાંધીનગર, તા.૨૦

વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા રાજ્યના યુવક-યુવતિઓમાં આત્મવિશ્વાસ સાથે સરકારી-બિનસરકારી સંસ્થાઓ દ્વારા લેવામાં આવતી પરીક્ષા માટેના ઈન્ટરવ્યુ આપી શકે તેવા ઉમદા હેતુથી પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પ્રાદેશિક ઈન્ટરવ્યુ માર્ગદર્શન તાલીમ શિબિર ૨૦૨૨-૨૩નું આયોજન આગામી ઓગસ્ટ ૨૦૨૨માં હાથ ધરવામાં આવશે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હેઠળની કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરના ઉપક્રમે યોજાનાર આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક ૨૦ થી ૪૦ વર્ષની વય મર્યાદા ધરાવતા યુવક-યુવતિઓએ નિયત વિગતો સાથેની અરજી તા.૩૧ જુલાઈ-૨૦૨૨ સુધીમાં સંબંધિત જિલ્લાના જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

અરજદારે (૧) પોતાનું પૂરૂ નામ અને સરનામું (૨) સંપર્ક નંબર (૩) જન્મનું પ્રમાણપત્ર (૪) શૈક્ષણિક લાયકાત-આધાર પુરાવા સાથે (૫) રોજગાર વિનિમય કચેરીમાં નોંધણીની વિગતો (૬) પાસપોર્ટ સાઈઝનો તાજેતરમાં પડાવેલો ફોટો (૭) આધારકાર્ડની નકલ વગેરે સામેલ કરી સંબંધિત અધિકારીને અરજી મોકલવાની રહેશે. પસંદ થયેલ યુવક-યુવતિઓને શિબિરની તારીખો બાબતે કચેરી દ્વારા ટેલિફોનિક જાણ કરવામાં આવશે.

# ૨૪ કલાકમાં ૧૮૪ તાલુકામાં વરસાદ

### સૌથી વધુ કપરાડામાં : ૯૮ તાલુકામાં ૨૫૧ થી ૫૦૦ મી.મી, ૫૭ તાલુકામાં ૧૨૬ થી ૨૫૦ મી.મી વરસાદ

અમદાવાદ,તા.૨૦

ગુજરાતમાં બે દિવસના વિરામ બાદ ફરી વરસાદનો દૌર શરૂ થઈ ગયો છે. ગત ૨૪ કલાકમાં રાજ્યના ૧૮૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ૨૭ તાલુકામાં ૧૦૦૦ મી.મીથી વધારે વરસાદ ખાબક્યો છે. જ્યારે ૫૮ તાલુકામાં ૫૦૦ થી ૧૦૦૦ મી.મી અને ૯૮ તાલુકામાં ૨૫૧ થી ૫૦૦ મી.મી, ૫૭ તાલુકામાં ૧૨૬ થી ૨૫૦, ૧૧ તાલુકામાં ૫૧-૧૨૫ મી.મી વરસાદ નોંધાયો છે. જ્યારે સૌથી વધુ વરસાદ વલસાડના કપરડામાં ખાબક્યો હતો. જ્યારે સિઝનનો કુલ વરસાદ ૫૯.૮૬ ટકા નોંધાયો છે. જોકે આગામી ૨૪ કલાકમાં મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને છોટાઉદેપુરમાં અતિભારે વરસાદની સંભાવના વેધર વોચ કમિટીની બેઠકમાં કરવામાં આવી છે. આ ઉપરાંત મહેસાણાના ધરોઈ ડેમમાં વરસાદી પાણીની આવકમાં વધારો થયો છે. ડેમની હાલની જળ



સપાટી ૫૯૬.૬૫ ફૂટ થઈ ગઈ છે. ડેમની ભયજનક જળ સપાટી ૬૨૨ ફૂટ છે. ડેમમાં ઉપરવાસમાં વરસાદી પાણીની આવક ૮૮૮૮ ક્યુસેક નોંધાઈ છે. જેના લીધે ડેમમાં ઉપલબ્ધ પાણીનો જથ્થો ૨૮.૭૩% થયો છે. રાહત કમિશનર પી.સ્વરૂપે કહ્યું હતું કે હવામાન વિભાગની આગહી મુજબ આગામી ૨૪ કલાકમાં મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને છોટાઉદેપુરમાં અતિભારે વરસાદની સંભાવના છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૮.૩૨ ટકા વરસાદ થયો છે જે ગત વર્ષની સરખામણીમાં ૩૬.૬૨૫ ટકા વધુ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૫,૪૧,૭૦૬ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર થયું છે.

રાજ્યમાં વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા હાલમાં દ્દહ્ઈહ્નની ૧૩ ટીમ અને વિવિધ ૧૬ જિલ્લાઓમાં SDRFની ૨૧ પ્લાટૂન તહેનાત છે. રાહત કમિશનરે વધુમાં કહ્યું હતું કે પૂરગ્રસ્ત નવસારી જિલ્લામાં વીજળી, કેશડોલ્સ વિતરણ, પાણી વિતરણ અને રસ્તાઓ શરૂ કરવાની તેમજ પશુ સર્વેની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત મકાન સર્વે, સાફ સફાઈ, આરોગ્ય, ગટર સહિતની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્વવત કરાશે.

## ચિરિપાલ ગ્રુપ પર ઈન્કમટેક્સ વિભાગના દરોડા, ૨૦૦ જેટલા અધિકારીઓ તપાસમાં સામેલ

અમદાવાદ,તા.૨૦

શહેરમાં ફરીથી ઈક્રમટેક્સના દરોડાથી ખળભળાટ મચી ગયો છે. અમદાવાદ અને સુરતમાં ચિરિપાલ ગ્રુપની ઓફિસ પર મંગળવારની રાતથી દરોડા પાડવામાં આવ્યા છે. હાલ અમદાવાદની આંબલી અને શિવરંજની સહિતની ચિરિપાલ ગ્રુપની ઓફિસ પર દરોડા પાડીને તપાસ ચાલી રહી છે. આ સાથે અમદાવાદની વિવિધ ઓફીસો પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. આ કંપની ટેક્સ ટાઈલ, કેમીકલ્સ, રિયલ એસ્ટેટ, શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલી છે. મળતી માહિતી પ્રમાણે, હાલ કુલ ૨૦૦ જેટલા અધિકારીઓ આ દરોડાની કામગીરીમાં સામેલ છે. શહેરના બોપલ રોડ પર ચિરીપાલ ગ્રુપની મુખ્ય ઓફિસ સાથે વેદપ્રકાશ ચિરીપાલ, બ્રિજમોહન ચિરીપાલ સહિતના ભાગીદારોને ત્યાં પણ દરોડા પાડવામાં આવ્યા છે. અમદાવાદમાં કુલ ૩૫ થી ૪૦ જગ્યા પર આ દરોડા પાડીને ઈક્રમટેક્સ વિભાગે તપાસ શરૂ કરી છે. આ દરોડામાં કુલ ૨૦૦ જેટલા અધિકારીઓ સામેલ થયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ પહેલા પણ ચિરિપાલ ગ્રુપ અનેકવાર ચર્ચામાં આવ્યું છે.

### કોરોના વકર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસાના વિહાર ગામેથી આજે એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે હાલ ૧૪૨ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં ૭૮૦૦ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૨૬ કેસ નોંધાયા છે. જેમાં ૧૩ મહિલા અને ૭ દર્દી ૬૦થી વધુ વયના છે. મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર શહેરમાં આજે ત્રણ પરિવારો કોરોનાની ઝપેટે ચડ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં એક દર્દી ગ્વાલિયરથી આવેલ છે. તેમજ ત્રણ દર્દી યુ.કે.થી આવ્યા છે. જે ત્રણ પરિવારો કોરોનામાં સપડાયા છે તેમાં સે. ૮, ૬ અને સરગાસણના ત્રણ દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે કુડાસણ, સરગાસણમાંથી ૩-૩ કેસ તેમજ પેથાપુર, સે. ૪, ૮, ૫ અને ૩૦, ૧૭, ૧, કોટેશ્વર, રાયસણમાંથી કેસો મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસના તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે શહેરમાં હાલ ૧૭૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તેના નિયમોની અમલવારી અસરકારક થાય તે માટે તંત્રએ તાકીદ કરી છે.

### પાણીનો વપરાશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થતી માહીતી અનુસાર ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ ખુબ જ વધી જાય છે. પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પુરતો સપ્લાય મળી રહે તેમ છે. જયારે પાણીનો જથ્થો પુરતો ઉપલબ્ધ છે. નર્મદા કેનાલ આધારીત પાણી મળી રહે છે. ગરમીના દિવસોમાં પાણીના વપરાશમાં ૧૦ ટકા જેટલો વધારો થઈ જાય છે. જયારે ગરમી વધતા આ વપરાશ બેવડાય છે. જયારે સેકટરોમાં ઉઠતી પાણીની બુમ નિવારવા માટે પણ સવારે એક કલાક વહેલા સપ્લાય શરૂ કરી દેવામાં આવે છે. જો કે હાલ વરસાદી દિવસોમાં ૪૫ એમ એલ ડી પાણી સપ્લાય થાય છે. જયારે આકરી ગરમીના દિવસોમાં અંદાજિત ૬૫ એમ એલ ડી જેટલો સપ્લાય પ્રતિદિન આપવામાં આવે છે. જો કે પાણીના વપરાશની સાથે શહેરમાં પાણીનો બગાડ પણ વધુ થાય છે. જેમાં બગીચા અને ઘર આંગણા પાસે પાણીનો છંટકાવ કરીને પાણીનો બગાડ પણ વધુ કરવામાં આવતો હોવાની ફરિયાદો પણ વિશેષ ઉઠવા પામતી હોય છે. જયારે હાલ વરસાદી દિવસોમાં ઉનાળાની સાપેક્ષમાં પાણીનો બગાડ પણ વધુ થતો નથી જેના લીધે પાણીની સમસ્યા ઉદભવાનો પ્રશ્ન ઉભો થતો નથી.

### ખડકલો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાલન સંદર્ભે કડક અભિગમ અપનાવતી આર ટી ઓ કચેરીના આંગણે જ પાર્કીગના મુદ્દે કોઈ નિયમોનુ પાલન થતુ નથી રોજબરોજ આડેધડ વાહનોનો ખડકાય છે. જેના લીધે કચેરી પાસે સ્થિત ગ માર્ગ પર વચાળે જ વાહનો પાર્ક કરી દેવાય છે. કચેરીમાં આવતા મુલાકાતીઓ પણ જગ્યાના અભાવ વચ્ચે માર્ગ આસાપાસ વાહનો મુકવા મજબુર બને છે. આર ટી ઓ કચેરીના સાંકડા સંકુલમાં આમ પણ વાહનો પાર્ક કરવા માટે પુરતી જગ્યા નથી. ત્યારે આર ટી ઓ માં કામ માટે આવતા ટ્રક સહીતના ભારે વાહનોની પણ માર્ગની એકબાજુએ કતાર જોવા મળે છે. જયારે પાર્કીગ વ્યવસ્થા તો ખોરવાઈ છે. જયારે પાર્કીગની સાથે કચેરીને અડીને સ્થિત ખાલી જગ્યામાં વર્ષોથી દબાણો પણ ગોઠવાયેલા છે. જેના લીધે માર્ગની એકબાજુએ વાહનો પાર્ક કરવા માટે જગ્યા પણ મળતી નથી આ સ્થિતિ વચ્ચે ઘણીવાર વાહનચાલકો અકસ્માતનો ભોગ બને છે. રોજબરોજ અવરજવર કરતા વાહનચાલકો માટે જોખમી સ્થિતિ સર્જાય છે. આ મામલે અગાઉ પણ આર ટી ઓ કચેરી દ્વારા પાર્કીગ માટે ખાલી જગ્યાની માંગણી કરતી દરખાસ્ત પણ કલેકટર કચેરી સમક્ષ રજુ કરવામાં આવી હતી પરંતુ આ મામલે લાંબા સમય સુધી કાંઈ થયુ ન હતુ. જયારે હાલ પણ વર્ષોના અંતે પણ આર ટી ઓ કચેરી પાસે પાર્કીગ વ્યવસ્થાના નામે મીંડુ છે જેન લીધે માર્ગ પર પૈડા પરની જિન્દગી જોખમાઈ છે. આ સ્થિતિ વચ્ચે કચેરી આસપાસ વધતા દબાણો અને આડેધડ વાહન પાર્કીગની પેચીદી સમસ્યાથી સ્થાનિકો પણ પરેશાન છે. આર ટી ઓ કચેરીના ગેટને અડીને જ દબાણો ગોઠવાઈ ગયા છે. જયારે કચેરીની સામે ગ માર્ગની બન્ને બાજુ દબાણોની કતાર જોવા મળે છે. મુખ્યમાર્ગ પર દબાણોનો અડ્ડો છે. જયારે દબાણ અને પાર્કીગની સમસ્યાથી ઘેરાયેલી આર ટી ઓ કચેરીમાં આવતા મુલાકાતીઓ પણ પાર્કીગના મુદ્દે તોબા પોકારી જાય તેવી સ્થિતિ છે. જેનો કાયમી ઉકેલ આવે તે માટે પણ સ્થાનિક જાગૃત નાગરિકો અને મુલાકાતીઓ માંગ ઉઠાવી રહ્યા છે.

### નવા રાષ્ટ્રપતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટીના કેટલાક નેતાઓએ કથિત રીતે પોતાના સાંસદોને ગુપ્ત મતદાનમાં ક્રોસ વોટિંગની તપાસ માટે પોતાના મતપત્રોની તસવીરો લેવા માટે કહ્યું હતું.

શ્રીલંકાની સંસદમાં ૪૪ વર્ષમાં પ્રથમ વખત આજે રાષ્ટ્રપતિ પદ માટે સીધી ચૂંટણી થઈ છે. રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટેની રેસમાં કાર્યકારી રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે ઉપરાંત દુલ્લાસ અલહપ્પરૂમા તથા અનુરા કુમારા દિસાનાયકે મેદાનમાં હતા. ૨૨૫ સદસ્યો ધરાવતા સદનમાં મેજિકલ ફિગર સુધી પહોંચવા માટે ૧૧૩ના સમર્થનની જરૂર હતી. રાનિલ વિક્રમસિંઘેને તે માટે વધુ ૧૬ મતની જરૂર હતી. તેમને તમિલ પાર્ટીના ૧૨ મતમાંથી ૯ મત પર વિશ્વાસ હતો પરંતુ તેમને ૧૩૪ મત મળ્યા છે.

### ૨૭ ટકા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિલાયન્સ અને ONGC જેવી રિફાઈનર અને ઓઈલ ઉત્પાદક કંપનીઓને નફામાં અત્યંત ઉંચું માર્જિન મળતું હોવાથી ટેક્સ નાખવામાં આવ્યો હતો. હવે ઈન્ટરનેશનલ બજારમાં ક્રૂડના ભાવ ઘટવાની સાથે માર્જિન ઓછું થયું હોવાથી ટેક્સમાં કાપ મુકાયો છે. વિશ્વભરમાં મંદીની ધારણાએ જૂનના મધ્યથી ઓઈલના ભાવ ઘટવાના શરૂ થયા છે. રશિયા-યુક્રેન યુદ્ધની શરૂઆત વખતે જે ભાવ બેરલ દીઠ ૧૩૦ ડોલર સુધી પહોંચ્યા હતા તે તાજેતરમાં ઘટીને ૯૮ ડોલર થયા હતા. ભારતમાંથી જે પેટ્રોલ અને ડીઝલની નિકાસ થાય છે તેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને નાયરા એનર્જી લિ.નો લગભગ ૮૦થી ૮૫ ટકા હિસ્સો છે. ઓઈલ અને ગેસ ઉત્પાદકો માટે વિન્ડફોલ ટેક્સ ઘટાડવા માટે સરકાર કેટલાક સમયથી વિચારી રહી હતી. શરૂઆતમાં એવી વાતો વહેતી થઈ હતી કે ક્રૂડનો ભાવ ૪૦ ડોલર થશે ત્યારેજ વિન્ડફોલ ટેક્સ દૂર કરવામાં આવશે, પરંતુ સરકારે માત્ર ત્રણ અઠવાડિયાની અંદર ટેક્સમાં કાપ મુક્યો છે. ચીનમાં કોવિડના વધતા કેસ અને અમેરિકામાં મંદીની ચિંતા વચ્ચે છેલ્લા એક સપ્તાહમાં ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૨૦ ટકાનો ઘટાડો થયો છે. ૧ જુલાઈથી પેટ્રોલ અને એટીએફ પર બેરલ દીઠ ૧૩ ડોલર અને ડીઝલ પર બેરલ દીઠ ૨૫ ડોલરનો ટેક્સ હતો.

### લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

અરે, ઝઘડો - વઢવાડ પતાવવા માટે આપણે સહજભાવે બોલી નાખીએ છીએ કે ભાઈ, પ્રેમથી પતાવો. છતાંય પ્રેમની પરિભાષા ઉકેલતા આવડી ખરી !! એક સૂફી સંતના શબ્દો છે;

'પ્રેમ પરિચય કો પચહાન બના દેતા હૈ,
પ્રેમ વિરાનો કો ગુલિસ્તાં બના દેતા હૈ,
મૈં આપ બીતી કહતા હૂં, ગૈરોં કી નહીં,
પ્રેમ ઈન્સાન કો ભગવાન બના દેતા હૈ!!'

છેલ્લે એ જ આપણે ઝેરીલા મટી પ્રેમીલા બનીશું તો અંદરથી ઠરીશું !!!

**સ્પર્શમણિ :**

પૈસા અને પ્રેમ વચ્ચેનો તફાવત એટલો જ કે પૈસાને સાચવવા પડે છે જયારે પ્રેમ આપણને સાચવે છે.

- ટાગોર

● ● ●

'પ્રેમ' કેવળ જિંદગીનો મર્મ છે, એથી ઊંચો બીજો કયાં કોઈ ધર્મ છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949